Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૪૧ • તા. ૧૨ ઑક્ટોબર થી ૧૮ ઑક્ટોબર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



પરબ
શક્તિ સંજીવની સોસાયટી

## પરબની રજતી સોગાત....

સામાજીક સંસ્થાની ઉપક્રમે થોડીક સંપન્ન સ્ત્રીશક્તિ વધારેને સહાયકારી થાય ત્યારે સમાજમાં **પરબ** સ્થપાઈ અને ૨૫ (પચીસ) વરસોથી કેટલીક સમાજોપયોગી ક્રિયાઓમાં માંગલ્ય પ્રગટ્યું.

૨૫ વરસની રજતી સોગાત સાથે એક ચોક્કસ અર્થ સંકલ્પની યોજના છે. મોટા ભંડોળથી મોટી અર્થ યોજના આકાર લઈ શકે એ ન્યાયે સંપન્ન સમાજમાં એક પ્રવૃત્તિ રજુ થાય તેને પ્રત્યેક સ્વસમજથી વધાવે અને સ્વશક્તિથી વધારે. પરબ એક નવા સ્વાધ્યાય ભણી વળવા ઈચ્છે છે અને સમસ્ત સમાજ લગી પહોંચવા આ જાહેર આવ્હાન લઈ આવે છે. તેની વિનંતિ **''સાથ આપો અને લાભ અપાવો''** એમ છે. **પરબ** ને ધન પ્રાપ્તિ માટે કરમુક્તિની સરકારી માન્યતા (80G) હોવાથી સખાવતીને સવલત રહેશેજ. થોડીક બહેનો દ્વારા સમસ્ત સમાજની નારી શક્તિને સંરજામ મળતો હોય તે અવસર ખરા આનંદનો.

પર અને રબ મળે અર્થાત બીજા માટે ઈશ્વરી સંકેત સમજે અને સાર્થક કરે તો જ **પરબ** પણ સાચું... તો **''લાવો તમારો હાથ અમારા સાથમાં ભેળવવા....''**

**પરબની ટ્રસ્ટીઓ**

### આગામી કાર્યક્રમ ... ''ચાંદ તારોંકો છુનેકી આશા''

તારીખ : શુક્રવાર, ૮ જાન્યુઆરી ૨૦૧૬
સ્થળ : ફાઈન આર્ટસ સોસાયટી, શીવાસ્વામી હૉલ, ચેંબુર, મુંબઈ.

## પરબે રજત જયંતી નિમિત્તે મોટું ભંડોળ ઊભું કરી પ્રવૃતિ વિસ્તારવાનો સંકલ્પ કર્યો.

સમાજની સાધન સંપન્ન બહેનો પોતાના અંગત ખર્ચમાંથી બચાવી સમાજની જરૂરત બહેનો માટે કંઈ કરે એવા ઉમદા ઉદ્દેશથી સ્થપાયેલ પરબ શક્તિ સંજીવની સંસ્થા અનેકવિધ પ્રવૃતિ ભર્યા ૨૪ વર્ષ પૂર્ણ કરી. ૨૫માં વર્ષમાં પદાર્પણ કરી રહી છે. સંસ્થાએ રજત જયંતિ નિમિત્તે તા. ૮/૧/૨૦૧૫ના ફાઈન આર્ટસ સોસાયટી ચેંબુર ખાતે ચાંદ તારો કો છુને કી આશા નામને સાર્થક કરતો કાર્યક્રમ યોજવા સાથે મોટું ભંડોળ ઊભું કરી પોતાની પ્રવતિઓનો વિસ્તાર કરવાનો સંકલ્પ કર્યો છે.



પરબની પ્રારંભકર્તા બહેનોની ઐતિહાસિક સમુહ તસ્વીર

# સાંધવ ગામે ઉજવાયેલ પર્યુષણ પર્વની તથા મુંબઈમાં યોજાયેલ ગામ સ્નેહમિલનની ઝલક





















॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

# શ્રી સાંધવ ગામનું સ્નેહમિલન તા. ૪/૧૦/૨૦૧૫, રવિવાર

શ્રી સાંધવ ગામનું સ્નેહમિલન તા. ૪/૧૦/૨૦૧૫ રવિવારના બપોરના ૩.૦૦ કલાકે ભાંડુપ નગરે રાખવામાં આવેલ.

ભાંડુપમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન **પ.પૂ. સાધ્વીશ્રીજી જિનેન્દ્ર ગુણાશ્રીજી મ.સા.** આદીઠાણાએ પધારી નવકાર મહામંત્રના જાપ કરાવીને માંગલિક સંભળાવેલ, આર્શીપ્રવચન આપીને શુભ શુરૂઆત કરાવેલ.

દિપ પ્રાગટ્ય **પ્રમુખશ્રી શામજી નરશી દંડ** અને **ટ્રસ્ટીગણ, મુરબ્બીશ્રી ભવાનજી લોડાયા, સર્વશ્રી રાયચંદ દંડ, નવિનભાઈ લોડાયા, મણીલાલ ખોના, ઉત્તમ દંડ**એ કરેલ.

મંચ ઉપર પ્રમુખસ્થાન **શ્રી ભવાનજી રાઘવજી લોડાયાએ** શોભાવેલ તેમજ ટ્રસ્ટીગણ સાથે સાંધવ મહાજનના લોગોનું ઉદ્દ્ઘાટન કરેલ. પર્વ પર્યુષણ યાદિની બુકનો વિમોચન કરવામાં આવેલ.

સંગીતકાર **મનોજભાઈ કારાણી, વિપુલ પટેલ, અભય શાહ** આદિએ નવકાર મહામંત્ર તથા શાંતિનાથ દાદાની જય બોલાવીને જાહેરાત કરીકે આવનાર વર્ષે રવિવારને મહાસુદ ૧૩ના સાંધવમાં ૧૬મા તિર્થંકર શાંતિનાથ દાદાને ગાદીશીન થયે ૧૫૦ વર્ષ થશે તે નિમિત્તે સાંધવ મહાજન પંચાન્હિકા મહોત્સવ ઉજવશે તેના ચડાવાની બોલીઓ આજના સ્નેહમિલનમાં બોલાશે.

મહેતાજી બનાવવાનો લાભ **શ્રી વિરચંદ મેઘજી ખોના** ડોંબિવલીવાળાએ લિધેલ. ગામવાસીઓ તેમજ નિયાણી બહેનોએ ઉલ્લાસપૂર્વક બોલી બોલેલ.

મહોત્સવના પાંચ દિવસની સંપૂર્ણ સાધર્મિક ભક્તિ, ભોજન નગરી, રંગમંડપ, વિધિ મંડપ, પત્રિકામાં લિખિતણ તરીકે નામ, મિઠાઈ, મહાજન શ્રી તરફથી ગીફ્ટ, ઢોલ - શરાણાઈ સાથે મધુર વાદક આદિનો લાભ **શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા** - લોખંડવાળા-ઘાટકોપર તથા શેઠશ્રી શામજી નરશી દંડ નાથાણી પરિવાર મુલુંડવાળાએ લિધેલ.

પ્રથમ દિવસે કુંભ સ્થાપના, દિપક સ્થાપના વગેરેનો લાભ **માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ** - વાપી અને **માતુશ્રી જ્યોત્સનાબાઈ દામજી નરશી દંડ પરિવાર** - ભાંડુપએ લિધેલ.

બપોરના અઢાર અભિષકનો લાભ દરેક ગાથાના ભાગ્યશાળી લાભાર્થી દરેક પરિવારે લિધેલ.

**અષ્ટમહાપૂજા ભાગ-૧ :** રાયચંદ નરશી દંડ - મુલુંડ, **ભાગ -૨ :** રસીકભાઈ દેવરાજ લોડાયા મુલુંડ, **ભાગ ૩ :** મણીબાઈ કુંવરજી મોતા - ડોંબિવલી (૪) મેઘજી કુંવરજી ખોના પરિવાર - ડોંબિવલી (૫) **માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા**, હસ્તે બાબુકાકા મુલુંડ.

લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજનનો લાભ **માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ**, મુલુંડએ લીધેલ. શાંતિનાથ ભગવાનના સામુહિક મહાપૂજન, સતરભેદી મહાપૂજા તેમજ રથ યાત્રામાં પ્રભુજી લઈને બેસવાનું બગી ત્રણ બળદ ગાડીઓ, ધર્મની ધજા લઈને અશ્વો એમજ પાંચ દિવસની જીવદયા આદિનો લાભ **માતુશ્રી વિરબાઈ વેલજી લોડાયા** હસ્તે ભવાનજીભાઈ, મુલુંડવાળાએ લિધેલ.

પાંચ દિવસ પ્રભુજીની ભવ્ય અંગરચના, દીવાઓથી ઝળહળતી રોશની, રંગોળીઓ, કુમારપાળ રાજાની આરતી તેમજ રાત્રે સંગીતમય પ્રભુજીની ભક્તિ વગેરેનો લાભ નિચે મુજબ પરિવારોએ લિધેલ. **માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ** હ. ઠાકરશી અને ગોવિંદજી પટેલ-મુલુંડ. ● **માતુશ્રી ખેતબાઈ સોમચંદ લોડાયા** - ડોંબિવલી ● **શ્રી માલશી પત્રામલ લોડાયા**, હસ્તે સોમચંદભાઈ - ડોંબિવલી ● **લાખબાઈ કાંતીચંદ ખોના** - ઘાટકોપર, ● **ભાવનાબેન ચંદ્રેશ વિસનજી સોની** - જખૌ, ● **ધારીણી ક્રિકેશી મૈશેરી** - નાની સિંઘોડી, ● **માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા** હસ્તે બાલુકાકા, ● **વિરબાઈ રાઘવજી લોડાયા**, હસ્તે ભવાનજીભાઈ, ● **રતનબેન હિરાલાલ લોડાયા** - ભાંડુપ ● **નિર્મળાબેન નવીનચંદ્ર**

કરમશીભાઈ લોડાયા – મુલુંડ ● તેજલ વિનિત ઉતીન ખોના – નલિયા ● દમયંતિબેન હંસરાજ દંડ – મુલુંડ ● કિંજલ મેહુલ મણીકાંત નાગડા – તેરા ● હીરલ રોકી કિશોર લોડાયા – ડોંબિવલી ● ઝવેરચંદ મેઘજી ખોના – ડોંબિવલી ● દેવેન્દ્ર કાંતિચંદ ખોના.

**પ્રભુજીનો પોંખવાનો લાભ :** શ્રીમતી જયાબાઈ લક્ષ્મીચંદ દંડ – ભાંડુપ.

સ્નેહમિલનમાં સરસ્વતી સન્માન રાખવામાં આવેલ. ૧લા ધોરણથી ગ્રેજ્યુએટ થેયલા ૩૦ જણોને મેડલ તથા ટ્રોફી, સર્ટીફીકેટ આપવામાં આવેલ. સાંઘવવાસી તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

પર્વ દરમિયાન ટ્રેનમાં ચા–નાસ્તા, ચૌવિહારના, ટ્રેનની રીટર્ન ટિકીટના, સંપૂર્ણ આવતા જતા પંચતિર્થી કરવતા તેમજ સાર્ધમિક ભક્તિનો લાભ લેનાર સર્વે લાભાથી પરિવારોની અનુમોદના કરવામાં આવેલ.

દિપેશ ભરત ખોના અને પ્રવિણ કુંવરજી મોતાનું વિશિષ્ઠ બહુમાન કરવામાં આવેલ.

**સ્નેહમિલન તેમજ સરસ્વતી બહુમાન તપસ્વી બહુમાનના દાતાશ્રી :**

**૨૧૦૦૦ :** (૧) શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા–ઘાટકોપર) અને (૨) શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર મુલુંડ

**રૂા. ૫૦૦૦/- :** ● શ્રી શામજી માણેકજી લોડાયા ● માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ ● માતુશ્રી નિર્મળાબેન નવિનચંદ્ર લોડાયા ● માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ ● માતુશ્રી મણીભાઈ કુંવરજી મોતા ● શ્રી ભવાનજી નરશી દંડ ● શ્રી રાયચંદ નરશી દંડ ● શ્રી ઠાકરશી લાલજી પટેલ ● શ્રી સોમચંદ વિસનજી દંડ ● શ્રી રસીક દેવરાજ લોડાયા ● શ્રી માણેકજી મેઘજી લોડાયા ● શ્રી પ્રવિણચંદ્ર માણેકજી લોડાયા ● મેઘજી કુંવરજી ખોના હ. વિરચંદ ખોના ● જીવરાજ કુંવરજી ખોના હ. ભરત ખોના ● નાગડા પરિવાર સાંઘવ ● એક સદગૃહસ્થ પરિવાર – સાંઘવ ● વિમલાબાઈ ખીમજી દંડ ● શ્રી ભવાનજી રાઘવજી લોડાયા ● શ્રી દિનેશ રામજી લોડાયા.

મહોત્સવમાં ઉપસ્થિત રહેવા પ.પૂ. સાધુભગવંતો અને સાધ્વીશ્રી ભગવંતોને વિનંતી કરવામાં આવેલ છે. સારી સંખ્યામાં પધારો. કચ્છ જવા માટે તા. ૧૬/૨/૨૦૧૬ના સયાજીગાડીમાં જવાનું રીટર્ન તા. ૨૧/૨/૨૦૧૬ના સયાજી ગાડીથી.

**જવાની (મુંબઈથી સાંઘવ સુધીની) ટિકીટના દાતાશ્રી :** ● શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા ● શ્રી શામજીભાઈ નરશી દંડ ● માતુશ્રી દમયંતિબેન હંસરાજ દંડ ● માતુશ્રી લક્ષ્મીબાઈ મેઘજી લોડાયા ● માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ ● શ્રી પ્રવિણભાઈ માણેકજી લોડાયા ● માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ ● માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા ● શ્રી હિમાંશુ વિરચંદ ખોના.

**નવા ચાંદીના ૧૪ સ્વપ્નાનો લાભ લેનાર ભાગ્યશાળી :** શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા – લોખંડવાળા પરિવાર અને શ્રીમતી સંઘમાતા કલ્પના શામજી નરશી દંડ મુલુંડવાળા ચાંદીના ૧૪ સ્વપ્ન બનાવીને મહાજનશ્રીને અર્પણ કરશે.

**ચાંદીના ઝાડ (વૃક્ષ) નો લાભ :** શ્રીમતી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા મુલુંડવાળા.

**મહાવીર સ્વામી, ધર્મનાથ, વિમલનાથ, અજીતનાથ ભગવાનના પૂજા કરતા ટીલા સોનાના બનાવવાનો લાભ લેનાર ૪ ટીલાશ્રી :** ભવાનજી નરશી દંડ મુલુંડ, ● દમયંતીબેન હંસરાજ દંડ, મુલુંડ ● એક ટીલા નિચે મુજબ : ● રેવન્તીબેન ચંદ્રકાંત મૈશેરી માંડવી ● જયાબાઈ ચત્રભોજ દંડ – મંજલ ● ચંદનબેન દામજી મૈશેરી – માંડવી ● શ્રી કલાવતીબેન દિનેશ લોડાયા, મુલુંડ ● કરમશી નરશી દંડ, ભાંડુપ ● લીલબાઈ માણેકજી દંડ, ભાંડુપ ● લતાબેન ઝવેરચંદ દંડ – મુલુંડ ● દિનેશ વિસનજી દંડ – ભાંડુપ ● વિમલાબેન ખીમજી દંડ – વાપી.

શ્રી શાંતિનાથ ભગવાનને સોનાના બાજુબંધ પહેરાવાનો લાભ સાંઘવના એક સદગૃહસ્તે લિધેલ છે.

ભૂલચૂક મિચ્છામી દુક્કડમ   લી. **શ્રી પ્રવિણ કુંવરજી મોતા,** સાંઘવ-ડોંબિવલી

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 41/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વહીવટી સક્ષમતા ઘણી ઊંચે લાવવી પડશે

જ્યારે કોઈ પણ સંસ્થાનો વહીવટી કાર્યભાર સંભાળવાની જવાબદારી અધિકાંશે બીનઅનુભવી અને અપરિચિત હાથોમાં સોંપાઈ હોય તો પણ તેના ફંડ કે મિલકતો બાબતે પાયાના અંગરૂપ ભાગોની માહિતી મેળવવામાં એકાદ બે મહિનાનો અને તેનાં વહીવટમાં કુશળતા અને નિપુણતા મેળવવા માટે ચારેક મહીનાનો સમય પૂરતો લેખાવો જોઈએ. પરંતુ, આજે છ મહીના થવા છતાં અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ જે રીતે ટ્રસ્ટનું,ખાસ કરીને ટ્રસ્ટનીમહત્વની મિલકતોનું વહીવટી સંચાલન કરી રહ્યા છે, તેમાં પાયારૂપ માળખાની માહિતી પ્રાપ્ત કરવા બાબતે નિષ્ક્રિયતા અને તેના વહીવટમાં ઊભા થયેલા કાનૂની પ્રશ્નોની ગંભીરતા તેમણે જાણે પિછાણી જ ન હોય તે પ્રકારની નિષ્કાળજીનો દોર તેમના હસ્તક લંબાઈ રહ્યો છે. તેથી જ્ઞાતિના વિચારશીલ અગ્રણીઓ છેલ્લા કેટલા સમયથી ચિંતિત બન્યા છે.

ટ્રસ્ટની કાંજુરમાર્ગ અને અનંતછાયાની મિલકતો બાબતે છેલ્લાં ત્રણ-ચાર મહીનાથી ટ્રસ્ટીઓએ જે રીતે નિર્ણયો લીધા છે કે અનિર્ણયની સ્થિતિ જાળવી રાખી છે તેની વિગતોમાં જઈએ તો આ વિચારશીલ અને નિષ્પક્ષ જ્ઞાતિ અગ્રણીઓની ચિંતા વ્યાજબી લેખી શકાય તે વિષે બે મત નથી.

કાંજુરમાર્ગની જમીન અને મિલકત પર ટ્રસ્ટનો કાયદેસરનો માલિકી હક છે તેમજ કબજો છે તે નિર્વિવાદ છે. પરંતુ લગભગ બારેક વર્ષ પહેલાં કેટલાક છેતરપિંડી અને ઠગાઈ આચરનારા ધુતારાઓએ કોર્ટમાં અપ્રમાણિક દાવો માંડી આ મિલકત પર તેમની માલિકી થાય તે પ્રકારની તરકટી ડીક્રી મેળવી છે. તેને પડકારતો દાવો ટ્રસ્ટ વતી માંડવામાં આવ્યો છે તેની સુનાવણી મહત્વના તબક્કે પહોંચી છે એટલે તેમાં ટ્રસ્ટ વતી જુબાની આપવા સાક્ષી તરીકે નિમણૂક કરવાનું અગત્યનું બન્યું છે. અલબત્ત, આ જુબાની-કેફિયતનો અધિકાંશ ટ્રસ્ટના અને બિલ્ડીંગ પ્લાન જેવા મ્યુનિસીપલ દસ્તાવેજ અને પ્રોપર્ટી કાર્ડ જેવા સરકારી રેકર્ડ પર જ આધારિત હોઈ તેવા દસ્તાવેજોમાં ઉલ્લેખાયેલ વિગતો અને તેના અર્થઘટન તેમજ સૂચિતાર્થો વિશે પર્યાપ્ત સમજણ અને અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિની જ સાક્ષી તરીકે નિમણુક થવી આવશ્યક છે. આવા સાક્ષીની સામા પક્ષકારના વકીલ દ્વારા ઉલટતપાસ થાય ત્યારે આવા દસ્તાવેજોમાં દર્શાવેલ વિગતો અંગે સાક્ષીને પ્રશ્નો પૂછાતા હોય છે તેથી તેવા દસ્તાવેજોનો અભ્યાસ કરી તે વિષે વિશેષ સમજણ ધરાવનાર કોઈ ભૂતપૂર્વ ટ્રસ્ટીની અથવા વર્તમાન ટ્રસ્ટબોર્ડમાં પણ પોતાના સ્થાવર મિલકતોને લગતા ધંધા વ્યવસાયનો અનુભવ ધરાવતા બે ટ્રસ્ટીઓ છે તેમાંથી એક ટ્રસ્ટીની નિમણુક કરવી અતિ આવશ્યક છે. પરંતુ ટ્રસ્ટીઓએ ચારેક મહીના થવા છતાં આ બાબતે સક્ષમ સાક્ષીની નિમણુક કરી નથી તે હકીકત જ તેમની ટ્રસ્ટ વહીવટમાં ગંભીર નિષ્કાળજી દર્શાવે છે.

તેવી જ રીતે, આ સ્થળે આ પૂર્વે વિગતવાર ઉલ્લેખ કરાયેલ અનંતછાયાની મિલકતને ઝુંપડપટ્ટી તરીકે લેખાવી ડેવલપરે ગેરકાનુની પરવાનગીઓ મેળવી છે, તે બાબતે પણ જરૂરી એવી કાનૂની કાર્યવાહી ટ્રસ્ટીઓ દ્વારા હજી સુધી થઈ નથી, તે નિષ્ક્રિયતા પણ ટ્રસ્ટીઓ ટ્રસ્ટ વહીવટમાં પૂરતા સંનિષ્ઠ નથી તે વાતને સમર્થન આપે છે.

આમાં એક અન્ય હકીકત એ પણ ઉમેરવી પડે તેમ છે. કેટલાક જ્ઞાતિજનોએ ચેરીટી કમીશ્નર સમક્ષ દાખલ કરેલ અરજીમાં અનંતછાયાની મિલકતો ગેરકાયદેપણે ઝુંપડપટ્ટી તરીકે ગણાવીને ડેવલપર અનધિકૃત બાંધકામ અને વિકાસકરી રહ્યા છે, તેવા અને અન્ય આક્ષેપો કર્યા છે તેમાં વર્તમાન ટ્રસ્ટીઓ પણ પક્ષકાર છે. તેની રૂએ તેમના દ્વારા ચેરીટી કમીશ્નરને અપાયેલ જવાબમાં પુરોગામી ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે વેચાણ કરાર કર્યો હતો તેથી તે બાબતે ઉક્ત

આક્ષેપોના કાનૂની દ્રષ્ટિકોણથી જે સૂચિતાર્થો થતાં હોય તેની જવાબદારી ભૂતપૂર્વ ટ્રસ્ટીઓની છે અને ચેરીટી કમીશનરને જે યોગ્ય લાગે તે નિર્ણય આપી શકે છે તેમાં તેમને વાંધો નથી તે મતલબનું વલણ ટ્રસ્ટીઓએ લીધું છે.

આ જવાબ આપવાની એફીડેવીટ પણ કોઈ ટ્રસ્ટીએ કરવાને બદલે ટ્રસ્ટના મદદનીશ સેક્રેટરી દ્વારા કરાયેલ છે તેમજ ચેરીટી કમીશનર સમક્ષ થતી સુનાવણીઓમાં કોઈ પણ ટ્રસ્ટી હાજર રહેતા નથી તે હકીકતોને ભલે વધુ મહત્વ ન આપીએ તો પણ અનંતછાયાની મિલકત બાબતે ટ્રસ્ટીઓ બિલકુલ ગંભીર નથી તેના સમર્થનમાં એક હકીકતનો ચોક્કસ ઉલ્લેખ કરી શકાય કે હજી સુધી અનંતછાયાની મિલકતનું આખરી હસ્તાંતરણ (કન્વેયન્સ) થયેલ નથી અને હજી પણ ડેપલપર ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ તેમને આપેલ પાવર ઓફ એટર્નીના આધારે વિકાસકાર્ય કરી રહ્યા છે. તે ઉપરાંત, વર્તમાન ટ્રસ્ટીઓ ટ્રસ્ટીપદની રૂએ હવે આ મિલકતના કાયદેસરના માલિકો થયા છે તેમ છતાં તેમણે ડેવલપરને તે સંબંધી વિધિસર રીતે જાણ કરી ઉક્ત વિકાસકાર્ય અને ભાડુતોને મળનાર વૈકલ્પિક ફ્લેટો તેમજ ટ્રસ્ટને મળનાર શિખરબંધ દેરાસર અને ઉપાશ્રયની જગ્યાઓ અને અન્ય સર્વ મુદ્દાઓ બાબતે તેમની સાથે વેચાણ કરારની શરતોની અનુરૂપમાં કાર્યવાહી ચાલુ રાખવા અનુરોધ કરતો કોઈ પત્રવ્યવહાર કર્યો નથી.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૫ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


અનંતછાયાનું વેચાણ તેમના પુરોગામી ટ્રસ્ટીઓએ કર્યુ હતું તેથી તેને કારણે ઉદભવતા પ્રશ્નો વિષે પોતાને કાંઈ લાગતું વળગતું નથી તેવું વલણ વર્તમાન ટ્રસ્ટીઓ લઈ રહ્યા છે, આ તેમની ગંભીર ભૂલ છે. ટ્રસ્ટની મિલકતો અને લાભાર્થીઓના હક અને હિતોનું સમુચિતપણે રક્ષણ કરવાની ટ્રસ્ટીઓની મૂળભૂત ફરજ છે. તેમાં બેદરકારી કે નિષ્કાળજી દાખવનાર ટ્રસ્ટીઓને વિશ્વાસભંગ (બ્રીચ ઓફ ટ્રસ્ટ) માટે કસૂરવાર ઠેરવ્યાના અનેક ચૂકાદાઓ સુપ્રીમ કોર્ટ સુધ્ધાંએ આપ્યા છે.

અનંતછાયા મિલકતનું હજી સુધી કન્વેયન્સ થયું નથી અને તેના વેચાણ કરાર તથા ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ ડેવલપરને આપેલ પાવર ઓફ એટર્નીના અનુરૂપમાં ડેવલપરે આ મિલકતનો વિકાસ કરતી વખતે કોઈ ગેરકાનુની કૃત્ય કે બાંધકામ નિયમનો ભંગ કર્યો હોય અથવા તો વર્તમાન ટ્રસ્ટીઓએ આપેલ પાવર ઓફ એટર્ની હેઠળ કોઈ ગેરકાનુની બાંધકામ કે વિકાસ થઈ રહ્યો હોય તો ટ્રસ્ટીઓ ઉક્ત કરારને રદ કરવા સુધીનાં પગલાં લઈ શકે છે, તે સામાન્ય જાણકારીની બાબત વિષે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી.

પોતાના હોદ્દાની રૂએ ટ્રસ્ટીઓ અનંતછાયા મિલકતના માલિક છે તેથી આ મિલકતને ઝુંપડપટ્ટી લેખાવી પાંચ ગણી એફ.એસ.આઈનો ગેરકાનુની રીતે લાભ મેળવનાર ડેવલપરે એપ્રિલ ૨૦૧૫ પહેલાં પ્લાન પસાર કરાવ્યા હોય તો પણ પોતાની વહીવટી મુદતમાં થઈ રહેલા ગેરકાનુની બાંધકામ કે વિકાસ માટે વર્તમાન ટ્રસ્ટીઓએ ઉપયુક્ત કાનૂની કાર્યવાહી કરવી જરૂરી છે. આમ ન થાય તો તેઓ ટ્રસ્ટના અને લાભાર્થીઓના હિતોનું રક્ષણ કરવાની કાનૂની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નીવડયા છે તેમ જ ગણાય.

કોઈ એક ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ ભાડે કે વેચાણથી આપેલ રહેણાકની જગ્યાનો થોડા સમય પછી ઓફિસ કે વ્યાપારી ઉપયોગ થતો હોય અથવા તો ભૂતપૂર્વ ટ્રસ્ટીઓએ કાયદા કે નિયમનોનો છડેચોક ભંગ કરીને રહેણાંકની જગ્યા કોઈ ભાડુતને કે ખરીદકર્તાને ઓફિસ તરીકે કે વ્યાપારી હેતુસર આપી હોય અને તે રીતે તેનો દુરૂપયોગ થઈ રહ્યો હોય અનેતે પછી ટૂંક સમયમાં કાર્યભાર સંભાળનાર અનુગામી ટ્રસ્ટીઓ એવું વલણ અખત્યાર કરે કે આ પ્રકારના દુરોપયોગની સંપૂર્ણ જવાબદારી

પૂરોગામી ટ્રસ્ટીઓની છે અને અમારા ટ્રસ્ટીપદની મુદત દરમ્યાન તેવો ગેરકાનૂની ઉપયોગ ભલે ને થતો હોય કે ટ્રસ્ટને અને લાભાર્થીઓને ગેરલાભદાયી હોય તો પણ તેમાં અમને કોઈ નિસ્બત થતી નથી કે તેને રોકવાની અમારી જવાબદારી થતી નથી તેવી દલીલ કરીને તેવા દુરોપયોગ કે ગેરકાનૂની વપરાશ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી ન કરનાર ટ્રસ્ટીઓએ ટ્રસ્ટનો વિશ્વાસભંગ કર્યો ગણાય તે મતલબના કોર્ટોના સંખ્યાબંધ ચૂકાદાઓનો આધાર આપી શકાય.

આ રીતે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પોતાની ફરજોને પર્યાપ્તપણે ગંભીરતાથી લેતા નથી તે ખરેખર ચિંતાજનક છે. અલબત્ત, તેમની વિશ્વસનીયતાના દ્રષ્ટિકોણથી નહીં પરંતુ ટ્રસ્ટની મિલકતના અને લાભાર્થીઓના હિત સાચવણીના દ્રષ્ટિકોણથી તેમજ તે હિતોને નુકસાન થતું હોય તો તેની વિચારશીલ અગ્રણીઓને ચિંતા થાય તે સ્વાભાવિક છે. તેથી ટ્રસ્ટ વહીવટને સુયોગ્ય રીતે સજ્જ કરવા અને સક્ષમ બનાવવા ટ્રસ્ટીઓએ વિના વિલંબે આવશ્યક પગલાં લેવા જોઈએ.

અત્યારે તો બહુમત ટ્રસ્ટીઓ સપ્તાહમાં એકાદ વાર મિટીંગમાં હાજર રહીને ઉપરછલ્લી માહિતી/ જાણકારી મેળવી ફરજ પૂરી કર્યાનો સંતોષ લઈ રહ્યા છે તેને બદલે તેમણે ટ્રસ્ટ કાર્યાલયમાં અવારનવાર આવી જુની મિનિટ્સબુકનું વાંચન કરીને અને જુદી જુદી મિલકતોની મ્યુનિસીપલ તેમજ સરકારી સ્તરે થયેલ પહેલાંની કાર્યવાહીઓના અહેવાલો તેમજ અભિપ્રાયોનો અભ્યાસ કરીને પોતાની નોંધો તૈયાર કરી ટ્રસ્ટના કે અન્ય કાનૂની નિષ્ણાતો સાથે આ મિલકતોના વિવિધ પ્રશ્નો અંગે વિચાર વિમર્શ કરવા પર્યાપ્ત સમય ફાળવવો જોઈએ.

કાંજુરમાર્ગની અને અનંતછાયાની મિલકતો અંગે ઉદભવેલ સંબંધિત મુદ્દાઓની બાબત ઘણી જ ગંભીર છે. ટ્રસ્ટીઓએ સ્થાવર મિલકતો અને ટ્રસ્ટ એક્ટના કાનૂની નિષ્ણાતો સાથે સઘન વિચાર વિમર્શ કરી તેમજ તેમનાં લેખિત સ્વરૂપે અભિપ્રાયો મેળવી તેના અનુરૂપમાં વિના વિલંબે જરૂરી એવી તમામ કાર્યવાહી કરવી જ પડશે.એક ખાનગી માલિક જે સમજદારી અને સંભાળ રાખીને પોતાની મિલકતને સુરક્ષિત રાખે અને તેના શક્યત: મહત્તમ લાભો મેળવવા તથા તેનો કોઈ દુરૂપયોગ કરે કે તેને નુકસાન થાય તે બાબતે જેટલી તકેદારી રાખે તે જ કક્ષાની સંભાળ અને તકેદારી જાહેર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ રાખવી જોઈએ એ મૂળભૂત સિધ્ધાંતનો પ્રીવી કાઉન્સીલથી સુપ્રીમ કોર્ટના અત્યાર સુધીના ચુકાદાઓમાં પુનરોચ્ચાર થતો રહ્યો છે.

ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ વહીવટમાં તેમની સંનિષ્ઠા, સુસજ્જતા અને સક્ષમતાના સમન્વયી પ્રભાવની પ્રતીતિ જ્ઞાતિને સત્વરે આપવી જ પડશે.

**રા.**

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપે કરી કેળવણી પર્વની ઉજવણી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈની રજત જયંતી આ ઉજવણીના ભાગરૂપે રવિવાર, ૦૪ ઓક્ટોબરે ભુજમાં કેળવણી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કચ્છ જિલ્લા શિક્ષણ અનેતાલીમ ભવન, જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને જિલ્લા પ્રાથમિલ શિક્ષણાધિકારી કચેરી, ભુજના સહયોગથી સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુસર યોજેલા કેળવણી પર્વમાં જુદા જુદા વિષયો ઉપર ચિત્રકળા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સહયોગી દાતા રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ હતા. સમારોહ પ્રમુખ ગુજરાત રાજ્યના મંત્રીથી તારાચંદભાઈ છેડાએ હાજરી આપી હતી.કચ્છ જિલ્લા સ્તરે યોજાયેલી આ સ્પર્ધામાં ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને ૧૦૦૦થી વધારે લોકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**
ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

**જ્યોતિ**
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**
જ્યોતિ હવે માટુંગામાં જ !
દિવાળી સુધી રવિવારે પણ ચાલુ...
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

## શ્રી અનંતનાથ દાદાના દરબારે....
# શ્રી ક.દ.ઓ. મસ્જિદ બંદર જૈન સંઘ, મસ્જિદ બંદર

**''જ્યાં થાક નહિં... હાશનાં ઉદ્‌ગાર સરી પડે છે...**
**જ્યાં કકળાટ નહિં... કોમળતાની અનુભૂતિ થાય છે...**
**જ્યાં નાનામાં નાની ક્ષણો ઉત્સવની જેમ ઉજવાય છે...**
**જ્યાં દેવ-ગુરૂની આજ્ઞાએ નાના-મોટા સૌ જોડાય છે...''**

તે શુભ સ્થળ એટલે... શ્રી મસ્જિદ બંદરના પ્રભાવશાળી દાદા અનંતનાથનો પ્રાંગણ.... પરમાત્મા અનંતનાથના દરબારમાં, મહાજન અને સંઘની વિનંતીએ પધારેલ **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ની શુભનિશ્રામાં તેમજ યતિવર્ય **શ્રી મોતીસાગરજી મ.સા.**ના શુભ સાનિધ્યમાં મસ્જિદબંદર સંઘ તપ-જપ-આરાધનાનાં શિખરો સર કરી રહ્યો છે. ભાવિક ભક્તોનાં ટોળા પ્રભુ અનંતનાથનાં દર્શન-વંદનાર્થે પધારીને પ્રભુભક્તિમાં મસ્ત બની રહ્યા છે. સં. ૨૦૭૧ની સાલનું ચાતુર્માસ અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તીની **પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. અપૂર્વયશાશ્રીજી મ.સા.**નું આપણા સંઘમાં પ્રાપ્ત થયેલ છે. જિનવાણીની સરવાણી પુરજોશમાં વહી રહી છે ત્યારે સંઘના સભ્યો તેમાં તરબોળ થઈને પ્રભુના માર્ગને સમજી લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને તેમાં સફળતા મેળવતાં રહ્યા છે.

## ચાતુર્માસ પ્રવેશથી આજ સુધી થયેલ વિવિધ અનુષ્ઠાન-તપશ્ચર્યા આદિની ઝરમર ઝલક...

- તા. ૨૨/૭/૨૦૧૫ બુધવાર, પૂજ્ય ગુરૂભગવંતોએ ચીચબંદર વાડીથી પવિત્ર પ્રભાતે વાજતે ગાજતે પ્રવેશ કર્યો ત્યારે મેઘરાજાએ પણ અમી છાંટણા કરીને પ્રવેશમાં શુકન કરાવીને સૌને આનંદિત કર્યા હતા.... ત્યારે ચાતુર્માસિક છઠ્ઠ તપ કરવા પ્રેરણા કરાઈને..
- તા. ૨૯-૩૦ જુલાઈનાં રોજ ઘણા આરાધકોએ ચોમાસી છઠ્ઠ કરવાનો સંકલ્પ કરીને ચોમાસી છઠ્ઠ તપ કરીને તપસ્યાના શ્રીગણેશ કરેલ.
- તા. ૨/૮/૨૦૧૫ રવિવારના મંગલકારી દિવસે સૂત્રાધિકારે શ્રી ધર્મરત્નપ્રકરણ અને ભાવનાધિકારે શ્રી પેથડશા ચરિત્રની શુભ-શરૂઆત થયેલ અને ત્યારથી સવારના ૯.૦૦ કલાકે જિનવાણી શ્રવણ રૂપ વ્યાખ્યાન ચાલુ થયેલ છે. ગુરૂદેવોની પ્રેરણાથી ચાતુર્માસ દરમ્યાન શ્રી શત્રુંજય તપનું આયોજન કરાયું જેમાં ૩૫ આરાધકોએ જોડાઈ. પોતાના સત્વને ફોરવ્યું.

  **''શત્રુંજય તપ કા કિયા સિલેક્શન, તપસ્વીઓને કિયા તન મનકા ડોનેશન,**
  **ઔર પરમાત્મા કે સાથ જોડ દિયા કનેક્શન, એવા તપસ્વીઓના તપ ત્યાગથી મલકે છે સૌના મન.''**

  એજ દિવસ શાસનરક્ષિકા ''શ્રી મહાકાલીમા''ની ભાવનાનું આયોજન કરાયું જેમાં ભાંડુપથી શ્રી અનંત મિત્ર મંડળ પધારેલ અને માની ભાવનામાં સૌને જોડ્યા.
- તા. ૮/૮/૨૦૧૫ ને રવિવારનાં પ્રગટ પ્રભાવી શ્રી જિરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનનું અનુષ્ઠાન ખૂબ રૂડી રીતે થયેલ. શ્રી કૃષ્ણકાંત સામાણી ના સથવારે સંગીતના તાલે સૌ તલ્લીન થયેલ.

  **નવકારમંત્ર તું મારો ભાઈ... તારે મારે ખૂબ સગાઈ.....**
- તા. ૧૬/૮/૨૦૧૫નાં રોજ મહાપ્રભાવીક નવકાર મહામંત્રનાં સામુહિક જાપ શ્રી હર્ષભાઈ દેઢિયાના સંગાથે નવીનતા ભેર થયા.
- **આવી આવી વર્ષગાંઠની ધજા, સૌએ સાથે મળીને ઉજવી ૧૮૨મી ધજા**
  **અસિઆ ઉસાનાં મંત્રોચ્ચાર થી લહેરાઈ ધજા, ધૈર્યતા - સમતાનાં રંગો રેલાવતી સુંદર ધજા**

  શ્રી અનંતનાથ દાદાના દેરાસરની ૧૮૨મી ધ્વજાનો મહોત્સવ જ્ઞાતિજનો, મહાજનનાં મહાનુભાવો અને ભાવિક ભક્તોનાં ઉછળતાં હૈયે સૌએ મહોત્સવને માણ્યો.

- તા. ૨૨/૮/૨૦૧૫નાં રોજ આશાતના નિવારક શ્રી અઢાર અભિષેક મહાપૂજન યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.ની કુશળ વિધિ વિધાને અને ભરતભાઈ શાહના સંગીતના તાલે થયેલ. તેજ દિવસે રાત્રે અઢાર દેશનાં રાજા શ્રી કુમારપાળની મહાઆરતીનાં આયોજનમાં સૌએ ઉલ્લાસભેર ભાગ લીધેલ જેમાં મહાજન પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાએ કુમારપાળ બનીને આરતી ઉતારવાનો મોંઘેરો લાભ લીધેલ હતો.
- તા.૨૩/૮/૨૦૧૫ રવિવાર એટલે દાદા અનંતનાથનાં જિનાલયનો ધજાનો દિવસ. મુંબઈનાં વિવિધ પરામાંથી દાદાના ભક્તો - ૨૪ દેરીઓનાં દાતા પરિવારો તેમજ અનેક સંઘોનાં પદાધિકારીઓની હાજરીમાં સત્તરભેદી પુજા- પાટલા પૂજન સહિત ધ્વજા ગગને લેહરાઈ ને સૌનાં હૈયે સમાઈ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.ના માર્ગદર્શન અને વિધિએ સૌ અનુકુળતા પૂર્ણ લાભ મેળવીને રાજી થયા ને પ્રભુનાં ગુણગાન કરવાં એક તાને નાચી ઉઠ્યા. એવું લાગ્યું કે જાણે દેવલોકનાં દેવતાઓ અહિં આવીને પ્રભુની ભક્તિમાં મસ્તાન થયા.
- તા. ૨૪-૮-૨૦૧૫ સોમવારનાં રોજ જ્યાં આ ચોવીસીનાં ૨૦-૨૦ તીર્થંકરો મોક્ષને પામ્યા તેવી કલ્યાણક ભૂમિ એટલે સમેતશિખરજી મહાતીર્થની ભાવયાત્રા યોજાઈ જેમાં શ્રી અભિનંદન મહિલા મંડળ કલવાથી પધારી સાક્ષાત સમેતશિખરની યાત્રા કરાવેલ જેમાં યાત્રામાં વિવિધ પ્રભુના જાપ અને સ્તવના કરતાં પધારેલા સૌએ અનેરો આનંદ માણ્યો.
- ત્રણેદિવસ પ્રભુજીની નયનરમ્ય આંગીઓ રચાઈ ને જિનાલયજીને ફૂલનાં શણગાર દ્વારા બગીચા જેવું સુગંધિત કરાયું હતું.
- તા. ૨૪/૮/૨૦૧૫નાં રોજ રાત્રે ''મહાકાલીમાની'' ભાવનાનું સુંદર આયોજન થયેલ હતું.
- એક પછી એક થયેલ નવલા આયોજનમાં શ્રીસંઘ પૂર્ણતાભેર ભાગ લીધેલ છે. અનુષ્ઠાનની હારમાળામાં હવે ઓગસ્ટ મહિનાનું છેલ્લું અનુષ્ઠાને એટલે ''શ્રી અષ્ટાપદ મહાતીર્થની ભાવયાત્રા'' તા. ૨૦/૮/૨૦૧૫નાં રોજ અષ્ટાપદ મહાતીર્થની યાત્રા કરાવેલ જે યાત્રામાં વિવિધ પ્રભુઓના જાપ અને ભેટયાં. આદિનાથ દાદાના વખતમાં થયેલ, આ તીર્થનો ઈતિહાસ ખરેખર અનેરો છે. પૂજ્ય ગુરૂભગવંતોની સાથે અને કૃષ્ણકાંત સામાણીનાં તાલે સાક્ષાત તીર્થને ભેટયાં નો આસ્વાદ માણ્યો.

**અ** - અગમનિગમ રહસ્યો જાણ્યા
**ષ્ટા** - ષટ્કાયનાં જીવોની સાથે મિત્રતાનો સંબંધ બાંધ્યો.
**પ** - પરમપદની પ્રાપ્તિનાં પગરણ માંડ્યા.
**દ** - દરવાજા આદિનાથના તીર્થના ખોલ્યા.

પ્રોજેક્ટર ઉપર સાક્ષાત ચિત્રદર્શન થતાં સૌનાં હૃદયપદ ઉપર એની છાપ અંકિત થઈ ને પ્રભુની મહાનતા, જિનશાસનની ગરિમાને સાંભળી ને માની.

- તા. ૬/૯/૨૦૧૫નાં રોજ ''૬૭ તીર્થ મહાપૂજન'' માં નવકારમંત્રના દરેક અક્ષર ઉપર રહેલાં દરેક તીર્થ અને તે તીર્થના મૂળનાયકના દર્શન પ્રોજેક્ટર ઉપર કરીને દરેક પરમાત્માની પૂજા અર્ચના તેમજ તે તીર્થનો મહિમા-ઈતિહાસ જાણવાની સુંદર મજાની તક એટલે આ ''૬૭ તીર્થ મહાપૂજન''.
- દર રવિવારે થયેલ વિવિધ પ્રસંગમાં સારી સંખ્યામાં આરાધકોએ જોડાઈને રંગ રાખેલ...

**તેમજ અઠવાડિયાનાં અલગ-અલગ દિવસે વિવિધ પ્રકારનાં આયોજન પણ થયેલ. જેમાં**

- દર સોમવારે શ્રાવિકા બહેનો માટેની જ્ઞાનગોષ્ટી
- દર બુધવાર અને શનિવારનાં સવારનાં શ્રાવકો માટે સમુહ સામાયિકસહ શ્રુતજ્ઞાનનું અભ્યાસ.
- દર શુક્રવારનાં સવારનાં ૯.૦૦ કલાકે પુરૂષાદાનીય પાર્શ્વદાદાનાં ''નમિઊણ પાસ''નાં ભાષ્ય જાપ.
- દર શનિવારે સાંજે ૮.૦૦ કલાકે કોલેજીયન કિશોરો માટે શિબિર
- દર રવિવારે બપોરે ૨.૩૦ કલાકે નાના બાળકો માટે શિબિર.

દરેક અનુષ્ઠાનમાં દાનવીર દાતા પરિવારો એ હૃદયનાં ઉછળતાં ભાવે અને સંપૂર્ણ હાજરીએ પ્રસંગોને ઉજ્જવલ બનાવેલ.

**બીજની વાવણી કરવા સારું ફળદ્રુપ ખેતર જોઈએ,**
**પૈસાને વાપરવા માટે સારું સુપાત્ર સ્થાન અને મોકો જોઈએ.**

આવા સરસ મજાના ચાન્સને ઝડપી લઈ દરેક દાતા પરિવારે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી.

**શ્રીસંઘ અને શ્રી મહાજન દરેકનો અભિવાદન કરતાં હર્ષ પામે છે. સૌનો આભાર માને છે.**

**શ્રી ક.દ.ઓ. મસ્જિદ બંદર જૈન સંઘ**

।। શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણસાગર-ગુણોદયસાગર-કલાપ્રભસાગરસૂરીભ્યો નમઃ ।।

# ગુરૂ વંદના - ભાવભર્યું આમંત્રણ



પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રતિ,**

**શ્રી મોટી ખાવડી, નાની ખાવડી, રંગપુર, દલતુંગી, સેવક ભરૂડીયા, ગોરખડી, ધ્રાફા વગેરે ગામના શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના જ્ઞાતિજનો**

સહર્ષ જણાવવાનું કે પર્યુષણ મહાપર્વના પાંચમા કર્તવ્ય રૂપે ગુરૂ વંદના મુલુન્ડ (પશ્ચિમ)માં શ્રી વાસુપુજ્ય જિનાલય ઉપાશ્રય, ઝવેર રોડ મધ્યે ચાર્તુમાસ બિરાજીત સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજા** આદિ ઠાણાને વંદવા જવાનું **રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫ના (આસો સુદ ૧૩) સવારના ૧૧ ક.** કાર્યક્રમનું આયોજન થયેલ છે. આપણે સૌ દેરાસરના ગેટ પાસે મળશું.

**● કાર્યક્રમ ●**

**સવારના ૧૧.૦૦ થી ૧૧.૩૦ ક.: સમુહ ગુરૂ વંદના**
**સવારના ૧૧.૩૦ થી ૧૨.૩૦ ક.: આચાર્ય ભગવંત ઉપદેશ-જીનવાણી-વ્યાખ્યાન**
**બપોરના ૧૨.૩૦ થી ૧.૦૦ ક.: સાધર્મિક ભક્તિ**

**...આમંત્રણ...**

**આ શુભ અવસરે આપ સર્વેને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

ડ્રેસઃ શ્રાવકો - સફેદ, શ્રાવિકાઓઃ બાંધણી (ફરજીયાત નથી)
આ પ્રસંગે વિવિધ તપના તપસ્વિઓની હાજરી શોભામા અભિવૃધ્ધિ કરશે.
આશા છે આપ સૌ વિશાળ સંખ્યામાં પધારી આપણા સંઘોની અને સમાજની આન, બાન અને શાન વધારશો.

**ગુરૂજી અમારો અંતરનાદ અમને આપો આશિર્વાદ.....**

**લી. આપના આગમનના અભિલાષી**

**પ્રમુખ સાહેબ, ટ્રસ્ટીગણ, અધિકારીઓ અને કાર્યકર્તા**

- **શ્રી જૈન શ્વે. મૂ. સંઘ-મોટી ખાવડી**
- **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ દલતુંગી**
- **શ્રી ગોરખડી ધ્રાફા જૈન સંઘ**
- **શ્રી નાની ખાવડી જૈન ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ**
- **શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા જૈન સંઘ**
- **શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

**ના જય જિનેન્દ્ર !**

।। શ્રી સુપાર્શ્વનાથ સ્વામિને નમઃ ।। ।। સર્વ લબ્ધિ નિધાનશ્રી ગૌતમસ્વામિને નમઃ ।।

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય

(ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર એ-૯૪૬ (જામનગર)

**સ્થાનિક એડ્રેસઃ** મુ.પો. મોડપર, તા. લાલપુર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, પીન કોડ નં. ૩૬૧ ૨૮૦.

**મુંબઈ કાર્યાલયઃ** C/o. આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭. ફોનઃ ૦૨૨-૨૫૦૧૧૭૮૮

૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થના તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ ભગવાન વગેરેની પ્રાણ પ્રતિષ્ઠા જિર્ણોધ્ધાર સહ નવ નિર્માણ બાદ ૧૦ દિવસના ઓચ્છવથી તા. ૦૫-૦૬-૨૦૧૪ ના પરમ પૂજ્ય આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ની તેમજ શ્રમણ-શ્રમણી વૃંદની હાજરીમાં હર્ષોલ્લાસ પૂર્વક સંપન્ન થયેલ.

આ ટ્રસ્ટના હિસાબ-કિતાબ તેમજ આગામી કાર્યક્રમોની રૂપરેખા આચાર્ય ભગવંતની નિશ્રામાં શ્રી વાસુપુજ્ય જિનાલય ઉપાશ્રય, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫ના સવારના ૧૦ થી ૧૧ ક. રજુ કરવામાં આવશે.

આ સભામાં અચલગચ્છની સમાચારી પાડતા સર્વે જ્ઞાતિજનોને, ગામના સર્વે શ્રેષ્ઠિઓ, ટ્રસ્ટીઓ, આગેવાનો તેમજ દાતા પરિવારોને, મોડપર તીર્થ પ્રતિષ્ઠા સહ અન્ય લાભ લીધેલ દરેક લાભાર્થીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ.

**લી. શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય**

ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર વાંચશોજી.

UPASANA-9820167767

**શ્રી તેરા તિર્થે ચાર્તુમાસિય અનુમોદનાર્થે તથા યોગનિષ્ઠા**
**પ.પૂ.સા.શ્રી. ગુણોદયશ્રીજી મ.સા.ની ૪૧મી પુણ્યતિથી નિમિત્તે**
**તથા પર્યુષણ દરમિયાન થયેલ વિવિધ તપસ્યાઓની અનુમોદનાર્થે**

# "ત્રિદિવસીય આરાધના મહોત્સવ"

**સવંત ૨૦૭૧ - આસો સુદ ૧૩-૧૪-૧૫, તા. ૨૫/૧૦/૨૦૧૫ થી તા. ૨૭/૧૦/૨૦૧૫**

શ્રી તેરા સંઘે ચાતુર્માસ માટે પ.પૂ. અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ને વિનંતી કરતા તેઓ એ તેમના આજ્ઞાવર્તિની યોગનિષ્ઠા **પ.પૂ.સા.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.**ના પ્રશિષ્યા તથા **પ.પૂ.સા.શ્રી ભુવનશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી વીરગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ.સા.શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.**ને આદેશ આપેલ. તેમનો ચાતુર્માસ મંગલ પ્રવેશ આષાઢ સુદ-૨ના થયેલ, ત્યારથી તેઓ શ્રી દ્વારા વીરવાણીનો નમ્ર ભાવે સંઘને આસ્વાદ મળેલ છે.

તેરા સંઘના પુણ્યોદયે એક સાહજીક, સાત્વિક અને સરળ ચાતુર્માસની પ્રાપ્તી થઈ. પૂજ્યોશ્રીના મધુર કંઠે શ્રી જિનવાણી માણવાનો, સમજવાનો અનેરો અવસર શ્રી સંઘને પ્રાપ્ત થયો. સંઘના પ્રત્યેક સભ્યોનાં હૃદયમાં ચાતુર્માસનો આનંદમય અને મધુર અહેસાસ દરેક સમય પ્રગટ થયા કરે છે. આવા સરળ સ્વભાવિક મહાત્માઓના સત્સંગ થી સંઘ ધન્ય બન્યો છે. એ આનંદનો વળતર કોઈપણ રીતે વાળી શકાય નહિં. અમારા શ્રી સંઘે હૃદયની ભાવના પ્રગટ કરવા સંઘવાસીઓ દ્વારા ચાર્તુમાસીય અનુમોદના નિમિત્તે ત્રિદિવસીય આરાધનાનો કાર્યક્રમ ઉજવવાનું નક્કી કરેલ છે.

જૈન સમાજના એક વિરલ તારલા યોગનિષ્ઠા **પ.પૂ.સા.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.**ની ૪૧મી પુણ્યતિથી નિમિતે તથા ચાતુર્માસ દરમિયાન થયેલ વિવિધ તપસ્યાઓના અનુમોદનાર્થે આ આયોજન છે. શ્રી સંઘ આવા મહાત્માઓને કોટિ-કોટિ વંદન કરે છે. આ શુભ પ્રસંગે આપ સહુ અત્રે પધારી અમોને વધારે પ્રોત્સાહિત કરશો, એજ આશા.

## કાર્યક્રમ

| તા. ૨૫/૧૦/૨૦૧૫, રવિવાર | તા. ૨૬/૧૦/૨૦૧૫, સોમવાર | તા. ૨૭/૧૦/૨૦૧૫, મંગળવાર |
|---|---|---|
| **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા**<br>બપોરે ૩.૦૦ કલાકે | **શ્રી સિધ્ધચક્ર મહાપૂજન**<br>બપોરે ૧૨.૦૦ કલાકે<br>(વિધીકાર શ્રી ચંદ્રકાંતભાઈ પ્રેમજી દેઢિયા બિદડાવાળી મંડળી સહ પધારશો) | **સામુહિક સ્નાત્રપુજા**<br>સવારના ૧૦.૦૦ કલાકે<br>**સમુહ જીરાવલ્લા જાપ**<br>સવારના ૧૧.૩૦ કલાકે<br>**સમુહ સામાયિક**<br>બપોરે ૩.૦૦ કલાકે |
| ત્રણે દિવસ સવારના ૯.૦૦ કલાકે વ્યાખ્યાન - બપોરે સાધર્મિક ભક્તિ તથા રાત્રે પ્રભુજીની ભાવના રાખવામાં આવેલ છે. | | |

**વિશેષ નોંધ :**

૧. આપણા તેરા તીર્થે ચાર્તુમાસમાં સોનામાં સુગંધ ભળે તે રીતે પરમસુખ જીવન વિકાસ કેન્દ્ર-મુંબઈ દ્વારા તારીખ ૧૦/૧૧/૨૦૧૫ ના સવારના ૪.૦૦ કલાકથી તારીખ ૧૨/૧૧/૨૦૧૫નાં સવાર સુધી શ્રી મહાવીરસ્વામી મોક્ષ કલ્યાણક નિમિતે **વીર પ્રભુજીની સોળપ્રહોરની અંતિમ દેશના** નો એક નવતર પ્રયોગ શ્રી પંકજભાઈ શેઠના સાનિધ્યમાં યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા સર્વ ભાવિકોને તેરા સંઘ તરફથી હાર્દિક આમંત્રણ છે.

૨. સંવત ૨૦૭૨ ની તેરા તીર્થની વર્ષગાંઠ મહાસુદ-૫-શુક્રવાર, તારીખ ૧૨/૨/૨૦૧૬ના ઉજવવામાં આવશે. તેના ચડાવા શ્રી તેકલાધુ સંઘના ડિસેમ્બર માસમાં મુંબઈ મધ્યે સ્નેહમિલન દરમ્યાન લઈ આદેશ આવવામાં આવશે. જેની તેરા, કુવાપધ્ધર લાખણીયા તથા ધ્રુફી ગામનાં સર્વ ભાઈ/બહેનોએ નોંધ લઈ ચડાવાઓને ઉત્તમો ઉત્તમ રીતે પાર પાડવા નમ્ર વિનંતી.

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન - તેરા**
**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈના - સહ બહુમાન પૂર્વક પ્રણામ સ્વીકારશોજી**

## શ્રી અચલગચ્છ જૈન સંઘો ડોંબિવલીમાં ભાવભેર ચાતુર્માસ આરાધના

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં પૂ. તીર્થ રત્નસાગરજી મ.સા., પૂ. દેવરક્ષિતસાગરજી મ.સા., પૂ. તાપરક્ષિતસાગરજી મ.સા., પૂ. મેઘરક્ષિતસાગરજી મ.સા., પૂ. ચૈત્યરક્ષિતસાગરજી મ.સા. અને પૂ. હેમરક્ષિતસાગરજી મ.સા. આદિઠાણા ૬ની નિશ્રામાં ભાવપૂર્વક ચાતુર્માસ આરાધના થઈ રહી છે. અત્યારસુધી ૫૦૦૦ આયંબીલ થયા છે. પર્યુષણમાં નિત્ય ૬૦ જણ પ્રતિક્રમણ કરતા હતા. પર્યુષણમાં ૧૫ આરાધકોએ ૬૪ પ્રહરી પોષધ વ્રત આરાધ્યું. સંવત્સરીના દિવસે ૧૦૦થી અધિક બાળ-યુવાનો સહિત કુલ ૨૦૫ પોષધ થયા.

આસો વદ અમાસે તા. ૧૧/૧૧/૨૦૧૫ના મહાવીર નિર્વાણ કલ્પણાક નિમિત્તે મહાઅભિષેક સહિત અનેક કાર્યક્રમો યોજાશે. ગાંધી જયંતીના દિને ૧૨૦ બાળકોએ આયંબીલ કર્યા.

## સાંધવમાં પર્વ આરાધનામાં ઉમેરો

સાંધવ ગામે પર્વ દરમિયાન રોજ સ્નાત્ર પૂજા કસ્તુરીબાઈ લોડાયા, જીવણબેન નાગડા, કાશમીરાબેન નાગડા, ઉર્મીલા ધરમશીએ ભણાવેલ. પ્રમુખની ભવ્ય અંગરચના જયશ્રીબેન ખોના, એકતા દંડ, વીશા દંડએ કરેલ.

સાંધવ મહાજનશ્રીને કલ્પસૂત્ર અને પારણું રાખવા મારે જર્મન સ્લિવરનો જ્ઞાન મંદિર તેમજ મોટા જર્મન સ્લિવર સાડાત્રણફુટ ગંભારામાં રાખવા માટે સ્ટેન્ડ એવી ૬ સ્ટેન્ડ એક સદ્‌ગ્રસ્ત સાંધવ તરફથી તેમજ જ્ઞાન મંદિરા ત્રણ બાજુમાં ઝરીના ચંદરવા નગ-૩, અને રૂમાલ નગ-૨ શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા, ઘાટકોપર-લોખંડવાળા તરફથી તેમજ જર્મન સ્લિવર દર્પણ, વિઝણું, અખંડ જ્યોત અગરબત્તી સ્ટેન્ડ, ધુપ-ધુપેડી કેશર રાખવા માટે બાઉલ, ૪ પાટલા શ્રી ઝવેરચંદ મેઘજી ખોના-ડોજળીવાળા, ત્રગડાઉપર રાખવાના ત્રણ રૂમાલ જ્યોત્સનાબેન દામજી નરશી દંડ તરફથી. પર્વ દરમિયાન - સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને ઘરદીઠ થર્માસની પ્રભાવના કરવાનો લાભ શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા - દાદરવાળાએ લિધેલ. - લી. પ્રવિણ કે મોતા

### પ્રથમ પુણ્યતિથી



જન્મ : ૯/૧૨/૧૯૫૦

અવસાન : ૧૫/૧૦/૨૦૧૪

**સ્વ. અ.સૌ. યશવંતી મુલચંદ મૈશેરી**

**અલ્પ હતી જિંદગી પણ સંભારણું છોડી ગઈ**<br>
**વેરાન મુકી જગ આંગણુ આભાસ તું છોડી ગઈ**<br>
**હસીને હસાવનાર, બાજી તું જીતી ગઈ**<br>
**તસ્વીર તારી મુકીને ''સ્વ''માં ભળી ગઈ**

### પ્રથમ પચાસ દિવસ



અવસાન : ૨૪/૮/૨૦૧૫

**માતુશ્રી સ્વ. પુરબાઈ ઊમરશી ટોકરશી મૈશેરી**

**તમારી સાથે અમારો જુગ જુગનો નાતો**<br>
**હૈયામાં હજારો મીઠી મધુરી વાતો....**<br>
**છોડી ગયા તમે નિર્મળ વડીલતાનો નાતો**<br>
**વિરહની વેદનાની કોની પાસે કરીએ વાતો ?**

**તમારૂ અસ્તિત્વ સદાય અમારા સ્મૃતિપડલ પર કંડારાયેલું જ રહેશે...**

**માતુશ્રી સ્વ. પુરબાઈ ઊમરશી ટોકરશી મૈશેરી પરિવાર**<br>
મોટી સિંધોડી તથા<br>
**માતુશ્રી સ્વ. ધનબાઈ જીવરાજ ચાંપશી અજાણી પરિવાર**<br>
ચેનાઈ - કોઠારા

**સ્વ. ઊમરશી ટોકરશી મૈશેરી પરિવાર**<br>
તથા<br>
**સ્વ. પૂંજાભાઈ નરપાર લોડાયા પીર પરિવાર**


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

## નાના બજેટમાં મુલુંડ (વેસ્ટ)માં
## સ્ટેશનથી ચાલતા માત્ર ૫ મિનિટ તથા
## દેરાસરથી ચાલતા માત્ર ૩ મિનિટના અંતરે
## પોતાનું ઘર હોવાનું શમણું હવે થશે સાકાર....

**માસ્ટર બેડરૂમ સાથેનો ૪૯૫ ચૌ.ફુટ બિલ્ટઅપ એરિયાવાળો**
**૧ બેડરૂમ કિચનનો સર્વ સુવિધાવાળો ફ્લેટ**



**માત્ર**
**રૂા.**
**૪૯**
**લાખમાં**
*શરતોને આધીન

**બિલ્ડિંગમાં જિમ અને ગાર્ડન પણ ખરા !**
**બેંક લોન સુવિધા ઉપલબ્ધ**

## કચ્છી જૈનો માટે સુવર્ણ તક

**સંપર્ક**

પુનિત ગાંધી – 99303 08843
ચેતન ગોસર – 98921 77657
બિપીન ગાલા – 70454 25974
જયેન્દ્ર ગાંધી – 98191 44658

## વિવિધ સંઘોની તપસ્વી યાદી

**સુરત**
૮ ઉપવાસ
રાશિ પારસ ગોસર (ગોએર સમા)
**સુથરી**
૯ ઉપવાસ
વાલજી લાલજી ધરમશી
૮ ઉપવાસ
પૂર્ણિમા વાલજી ધરમશી
મધુરીબાઈ દામજી નાગડા
**જલગામ**
૮ ઉપવાસ
રિયા દિનેશ લોડાયા
હર્ષાબેન દિપક લોડાયા
નેહલ જીગ્નેશ ધનરાજ મોતા
જતિન મધુકાંત ખોના
**ફેનિક્સ (અમેરિકા)માં અઠ્ઠાઈ**
ઉર્વિ મનિશ કુંવરજી (રમેશ) મોતા (રાપર ગઢવારી)

**તીરૂપુર**
૧૬ ઉપવાસ
શ્રી કાંતિ કે. શાહ
૮ ઉપવાસ
શ્રીમતી સીતાદેવી જૈન
શ્રીમતી અલકાદેવી સોલંકી
શ્રીમતી કૃપાલી દેઢીયા
કુ. નીશા સોલંકી
**બડગરા**
૮ ઉપવાસ
વસંત શીવજી પોલડીયા (બાયઠ)
વીરચંદ દામજી મોતા (નલિયા)
આદિતી વીરચંદ મોતા (નલિયા)
જેનીલ કિરીટ દંડ (બડગરા)
**ડોંબિવલી**
બાયાબાઈ માણેકજી ભવાનજી મૈશેરી (ગોધરા)
મીત ભાવેશ માણેકજી દંડ (સુથરી)

**કોઈમ્બતુર**
શ્રી મનન ડેની લાલકા
શ્રીમતી પૂર્વા સિધ્ધાંત નાગડા
મધુબેન દિપક દેશાઈ
શ્રી દિપક બલ્લુભાઈ દેશાઈ

સ્થળ સંકોચને કારણે ક.દ.ઓ. સતીઓ વિશેનો શ્રી રમેશ લોડાયાના લેખનો બીજો ભાગ આવતા અંકે પ્રગટ થશો.

–સહતંત્રી

## મુંબઈમાં ડૉક્ટરોની યાદીમાં ઉમેરો

પ્રકાશ સમીક્ષાએ માનવજ્યોતના શ્રી કુલીનકાંત લુઠીયા અને ડૉ જયંતીલાલ ખોના દ્વારા સંકલિત ડૉક્ટરોની યાદી પ્રકાશિત કરી તે બદલ ધન્યવાદ. તેમાં કેટલાક ઉમેરા દર્શાવું છું, પ્રગટ કરી આભારી કરશોજી.

– ભવાનજી પુનશી વોરા (ડોંબિવલી)

- **ડૉ. સમીર હિરેન વોરા** (M.S., M.Ch-Plastic Surgery) કોકીલાબેન અંબાણી હૉસ્પિટલ, (અંધેરી) ડોંબીવલી 91677 47266 / 0251-2861 811
- **ડૉ. પ્રિતિ સમીર વોરા** (M.B.B.S., DA, DNB) પીડીયાટ્રીક (બાળકોના) એનેસ્થેશીયા સ્પેશ્યાલીસ્ટ (સાયન-ડોંબીવલી) 9820680982 / 0251-2861 811

**રાજેશ આણંદજી ખોના**
**આર એ કે કૉમોડિટીઝ**
Member MCX
A-8, Gaurav Annex, RRT Road, Mulund (W), Mumbai-80.
**Phone : 2590 1312 / 098208 05701**

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
**યુ. કે. ખીમજી એન્ડ કું.** હળદર – જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## નાગડા તથા મૈશેરી પરિવારનું ગૌરવ


**ડૉ. કેયુર જયેશ નાગડા**
કોઠારા (વડોદરા)

**ચિ. કેયુર** એ M.D. (Medicine) ની પદવી મેળવી
તે બદલ અભિનંદન તથા ઉજ્જ્વલ ભવિષ્ય માટે **હાર્દિક શુભેચ્છાઓ...**

❖ શુભાશીષ ❖

| | |
|---|---|
| દાદાણા | : **માતુશ્રી હસવંતીબેન પૂનમચંદ રાઘવજી નાગડા** (કોઠારા) |
| નાનાણા | : **માતુશ્રી ધનબાઈ પૂનશી કાનજી મૈશેરી** (રાપર ગઢવારી) |
| માતા-પિતા | : **સૌ. હીના જયેશ પૂનમચંદ નાગડા** (કોઠારા – વડોદરા) |
| પત્ની | : **સૌ. બીજલ કેયુર જયેશ નાગડા** (કોઠારા – વડોદરા) |
| બહેન | : **કુ. સ્તુતિ જયેશ નાગડા** (કોઠારા – વડોદરા) |
| સાસુ-સસરા | : **સૌ. જયશ્રીબેન પરેશ દામજી ધરમશી** (કોઠારા – વડાલા) |

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર
# શ્રી પર્યુષણ પર્વ આરાધના અહેવાલ વર્ષ ૨૦૧૫

કોઈમ્બતુરના નૂતન જિનાલયની પ્રતિષ્ઠા બાદ પર્યુષણ મહાપર્વ તા. ૧૧-૯-૨૦૧૫ થી તા. ૧૯-૯-૨૦૧૫ સુધી પરમાત્માની અસીમ કૃપાથી ખૂબજ હર્ષ અને આનંદપૂર્વક તેમજ ધર્મ આરાધનાપૂર્વક ઉજવાયો. પર્વની આરાધનાર્થે યુવા વિધિકાર તથા સંગીતકાર શ્રી હર્ષભાઈ દેઢિયા (ઘાટકોપર-મુંબઈ)થી પધારેલ. એમની સરળ શૈલીની સમજાવટથી વ્યાખ્યાન તેમજ કલ્પસૂત્ર, બારસાસૂત્ર શ્રવણ સર્વે શ્રોતાગણ ઓતપ્રોત થઈ ગયેલ. દરરોજ સવારે પક્ષાલ, પૂજા, સ્નાત્રપૂજા, ભક્તામર સ્તોત્ર ત્યારબાદ વ્યાખ્યાન તેમજ દરરોજ બપોરના નવિન અનુષ્ઠાનો - ૧) નવપદ અનુષ્ઠાન ૨) શ્રી મુનિસુવ્રત મહા અનુષ્ઠાન ૩) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અનુષ્ઠાન ૪) શ્રી સરસ્વતી મહાપૂજન ૫) ચરિત્ર ઉપકરણ વંદનાવલી ૬) શ્રી ગૌતમ સ્વામી લબ્ધિ અનુષ્ઠાન ના આયોજન કરવામાં આવેલ. રાતે પ્રભુભક્તિમાં એમના મધુર કંઠે શ્રી સીમંધર સ્વામીની ભાવયાત્રા, શ્રી મહાકાલી માતાની ભાવના, શ્રી મહાવીર વંદના, આનંદઘન પદરેહ! (આધ્યાત્મિક પ્રાચીન સ્તવનો), શ્રી શત્રુંજય તીર્થની ભાવયાત્રા, રત્નાકર પચ્ચીસી દ્વારા કર્મ આલોચના વગેરેની ખૂબજ સુંદર રીતે રજૂઆત કરવામાં આવેલ.

પર્વ દરમ્યાન વિવિધ ઉછામણીનો લાભ સંઘના દરેક પરિવારે ખૂબજ હોંશ થી લીધેલ.

૧) શ્રી કલ્પસૂત્ર ઘેર પધરાવવાનો લાભ તેમજ વહોરાવવાનો લાભ- શ્રી દેવશી વીરજી ડાઘા પરિવારે ૧૨૨૨૨ મણમાં લીધેલ.

૨) ભાદરવા સુદ બીજના પ્રભુજીને પારણામાં પધરાવવાનો લાભ - શ્રીમતી શીતલ સંદીપ મૈશેરી ૧૬૬૧૬ મણમાં લીધેલ.

૩) શ્રી પ્રભુજીનું પારણું ઘેર પધરાવાનો લાભ - શ્રી કિર્તિ નરશી મોમાયા પરિવારે ૨૭૭૨૭ મણમાં લીધેલ.

૪) શ્રી બારસાસૂત્ર અર્પણ કરવાનો તથા શ્રી સંઘને ચિત્ર દર્શન કરાવવાનો લાભ - શ્રી મુનિસુવ્રત મંડળે રૂા. ૪૫૪૫માં લીધેલ.

**ભાદરવા સુદ-૬ ક્ષમાપનાના દિવસે**

**નીચે મુજબના કાર્યક્રમો યોજાયેલ -**

૧) સવારના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ - શ્રીમતી વિજયાબેન પ્રવિણકાંત મૈશેરી પરિવારે રૂા. ૨૩૧૦૧માં લીધેલ.

૨) શ્રી તપસ્વીઓ તેમજ શ્રી સફળ સંઘને સવારના પારણા-નવકારશી કરાવવાનો લાભ શ્રી કમલેશ ગોવિંદજી નાગડા પરિવાર અને શ્રી દિપકભાઈ બલુભાઈ દેસાઈ પરિવારે લીધેલ.

પ્રભુજીનો પારણું સકળ સંઘ સાથે શ્રી કિર્તિ નરશી મોમાયાના નિવાસ-સ્થાને વાજતે ગાજતે ગયેલ. તે પરિવારે સંઘપૂજન અને પ્રભાવનાનો લાભ લીધેલ. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાના ચિત્રપટને ફુલહાર પહેરાવવાનો આદેશ શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવારે રૂા. ૪૦01 માં લીધેલ. સામુહિક ક્ષમાપના બાદ દૂધનો લાભ શ્રીમતી કલ્પનાબેન ઝવરેચંદ વિકમશી પરિવારે લીધેલ. બપોરના સ્વામી વાત્સલ્યનો લાભ શ્રી રતિલાલ ટોકરશી લોડાયા પરિવારે પુત્રવધુ પુરવા સિધ્ધાંત નાગડાની અઠ્ઠાઈ નિમિત્તે લીધેલ. સાંજના અણાથમીનો લાભ શ્રી કિર્તિ નરશી મોમાયા પરિવારે લીધેલ.

ક્ષમાપનાના કાર્યક્રમ દરમ્યાન સર્વે તપસ્વીઓ તેમજ આરાધના કરાવનારનું બહુમાન મહાજનના ઉપપ્રમુખ શ્રી ડેનીભાઈ ચીમનલાલ લાલકા અને શ્રીમતી કલ્પના ડેનીભાઈ લાલકાના વરદ હસ્તે કરવામાં આવેલ. દેવ, ગુરૂજી કૃપાથી સંઘમાં તપસ્યા સારી થઈ.

સંવત્સરીના દિવસે બારસાસૂત્ર વાંચન બાદ સકળ સંઘ સાથે સ્થાનિક જિનાલયમાં ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ.

ભાદરવા સુદ બીજના સ્વપ્નાનું કુલ ઘૃત મણ ૩,૦૪,૦૪૩ થયેલ. હર વર્ષની જેમ આ વર્ષે પણ મહાજન દ્વારા પર્યુષણ મહાપર્વ દરમ્યાન દરરોજ સ્વામી વાત્સલ્યની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ.

આમ દેવ-ગુરૂની કૃપાથી પર્યુષણ પર્વ ખૂબ જ રૂડી રીતે ઉજવાયા અને જેમાં સંઘના દરેક પરિવારોની દરેક કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી રહેલ.

**તપસ્યાની વિગત (અઠ્ઠાઈ) :** ૧. શ્રી મનન ડેની લાલકા, ૨. શ્રીમતી પૂર્વા સિધ્ધાંત નાગડા, ૩. શ્રીમતી મધુબેન દિપક દેશાઈ, ૪. શ્રી દિપક બલુભાઈ દેશાઈ

લિ. ક.દઓ. જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**ઢોલી ઈબ્રાહિમ અલી મહોમ્મદ**

જુના અને પ્રખ્યાત કચ્છ માતાનામઢ વાળા

સ્પેશ્યાલીસ્ટ : ડાંડીયા રાસ, લગ્નગીત અને ઢોલ શરણાઈના સ્ટેજ પ્રોગ્રામ

૨૦૫-એ વીંગ, બીજે માળે, નટરાજ અપાર્ટમેન્ટ, કિસન નગર, પંચપરમેશ્વર મંદિરની બાજુમાં, મુલુન્ડ ચેકનાકા, ઠાણા-૪૦૦ ૬૦૪.

મોબાઈલ : 98925 39327 • ઘર : 2580 0129

LAJITA BHARAT KHONA

**TECH-PRINT DATA FORMS**

ATM ROLLS, PIN MAILERS, COMPUTER STATIONERY

B/15, Mahamaya, S.N. Road, Tambenagar, Mulund (W), Mumbai-400 080.

Mob.: 099301 53064 • Email : techprintdata@gmail.com

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ભારતનગર, ગાંધીધામમાં મહાકાળી ભાવના

શ્રી મહાકાળી માતાજીની ભાવનાઓ ૨૪.૦૮.૧૫ના રાત્રે શ્રી ઉપાશ્રયમાં ભણાવાઈ હતી. અ.સૌ.અંજનાબેન મયુરભાઈ ના શ્રીમંત પ્રસંગે માતુશ્રી લક્ષ્મીબેન વાલજી ધરમશી જશાપુર-ગાંધીધામવાલા તરફથી ભાવના રાખવામાં આવેલ, જેમાં નુતનબેન, નીલમબેન, ભક્તિબેન મોમાયા, પ્રીતિબેન કુરવા તથા કાંતિલાલભાઈ લાલકા. જયંતભાઈ, શામજીભાઈ, મનીશભાઈ ભાવિક નાગડાએ રમઝટ જમાવેલ.

૧૦.૦૯.૧૫ના માતાજીની ભાવના મહેશ જવેરચંદભાઈ લોડાયા, વારાપધર, જયંત જવેરચંદભાઈ લોડાયા કોઠારા તથા લક્ષ્મીચંદભાઈ લોડાયા વારાપધરની પુત્રી તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં નીલમબેન, ભક્તીબેન, નુતનબેન તથા જયંતભાઈ જયભાઈ મોમાયાએ રમઝટ જમાવેલ.

તા ૨૦.૦૯.૨૦૧૫ના રાત્રે શ્રી મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી ચંદનબેન શાંતીલાલ મોમાયા સાંયરા હાલે ગાંધીધામવાલા તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં મનીષ, ઉદયભાઈ, જયંતભાઈ, શામજીભાઈ તથા લતાબેન નાગડા, નુતનબેન પ્રીતિબેન પી. પ્રેમીલાબેન, પ્રીતિબેને સારી રમઝટ જમાવેલ.

### પર્યુષણ આરાધના, બડગરામાં

બડગરામાં પર્યુષણપર્વ રૂડી રીતે ધર્મ આરાધના સાથે ઉજવાયા. મૂળનાયક શ્રી વિમલનાથ દાદાના દેરાસર અને ઉપાશ્રયમાં પર્વ આરાધના કરાવવા મુંબઈ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી જેવંતીબેન શામજી સાંવલા તેમ કસ્તુરીબેન કલ્યાણજી પોલડીયા પધારેલ તેમની મીઠી સુંદર શૈલીમાં વાંચન વિધિ સંપન્ન થયાં.

શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૫૦૧ મણમાં શાવરશી લધાભાઈ પોલડીયા પરિવારે તેમજ પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ વનરાજભાઈ ચંદ્રસી કાપડીયા પરિવારે ૧૨૨ મણમાં લીધો. કલ્પસુત્ર વહોરાવવાનો લાભ શા.પદમશી ઘેલાભાઈ મોતા પરિવારે લીધેલ. સ્વપનાનું ધૃત ૨૬૨૦૭ મણ મળીને કુલ ૩૩૧૩૩ મણ થયેલ.



છઠ્ઠના દેરાસરનું દ્વાર ખોલવાનો લાભ સા.પુનશી ડોસાભાઈ ધરમશી પરિવારએ લીધેલ. છઠ્ઠના સામુહિક ક્ષમાપના બાદ સ્વામી વાત્સલ્ય સંઘ જમણ સંઘ તરફથી તેમજ સાતમના શેઠશ્રી મોતીલાલ માણેકચંદ શાહ તરફથી થયેલ.

### પર્યુષણ ઉજવણી, કલીકટમાં

કલીકટ મધ્યે પર્યુષણ પર્વની ઉજવણી શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિનાલય મધ્યે શ્રી કલીકટ અચલગચ્છ સંઘ અને તપાગચ્છ સંઘ દ્વારા ભાવપૂર્વક થઈ હતી. પર્વ દરમ્યાન સ્વપનાનું કુલ ધૃત ૪૭૧૨૩ મણ અને તે ઉપરાંત ૮ દિવસમાં વિવિધ ચડાવાનું ધૃત ૪૯૭૨૨ મણ થયેલ.

કલ્પસુત્ર પધરાવવાનો લાભ શ્રી જવેરચંદ પાશ્વીર ખોના પરિવારે લીધેલ અને પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ ટ્રસ્ટી મંડલે લીધેલ.

પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા મુંબઈથી આર્યરક્ષિત વિદ્યાપીઠના શ્રી કેશવજી ધારશી ગડા અને શ્રી પ્રવીણ માલશી સાવલા પધારેલ. ૮ દિવસ રોજ સવારના ભક્તામર, રાઈ પ્રતિક્રમણ પ્રભુજીની પૂજા, વ્યાખ્યાન, બપોરના પૂજા, સાંજના પ્રતિક્રમણ, ધાર્મિક ચર્ચા, ભક્તિ ભાવના કરવામાં આવેલ.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

તા ૨૦.૦૯.૧૫નાં યોજાયેલ અઢાર અભિષેકમાં બન્ને શ્રાવકોએ વિધિવિધાન બહુ જ સારી રીતે કરાવેલ. સકલ સંઘે સાધર્મિક ભક્તોનો શેઠ કસ્તુરચંદ શેઠ પરિવારે લાભ લિધેલ.

૨૫.૦૯.૧૫નાં સ્નાત્ર મંડળની ૩૨ બહેનો ચૈત્યપરિપાટી નિમિતે અને પૂ.શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિઠાણા ૩ ને ગુરૂવંદન નિમિત્તે કોચીન ગયા હતા.

### શ્રી સુથરી તીર્થમાં પર્યુષણ પર્વની ઉજવણી

સુથરી તિર્થે પ.પૂ.સા.શ્રી કીર્તિષેણાશ્રીજી મ.સા. તથા પ.પુ.સા.શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. તથા સ્થિરવાસી પ.પુ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ના સાનિધ્યમાં પર્યુષણ ઉજવણી ખૂબ જ હર્ષ ઉલ્લાસથી થયેલ. જેમાં મુંબઈ, બેંગ્લોર, ઉજ્જૈન થી ૫૦ સભ્યો તથા સ્થાનિક ૧૨ સભ્યો એ પર્યુષણ પર્વની આરાધના કરેલ.

સવારના ભક્તામરથી માંડી, વ્યાખ્યાન, જાપ, પ્રતિક્રમણ તથા રાત્રી ભાવનામાં સૌ કોઈ જોડાયેલા રહ્યા. સુથરી સંઘના વિવિધ દાતાઓએ સવાર, બપોર,સાંજ સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. કલ્પસુત્ર ઘરે પધરાવવાનો લાભ લઈ ૯૦૯ મણમાં માતુશ્રી.ધનબાઈ છેડા, જવેરીભાઈ દંડ, મણિબાઈ કારાણી, સુશીલાબાઈ મૈશેરીએ લીધેલ. પારણું ઘરે પધરાવવાનો લાભ ૯૯૯ મણમાં શ્રી અનીલ વિશનજી ઘેલાભાઈ છેડા પરિવારે લીધેલ.

ભાદરવા સુદ ૫ ના પુ.સાહેબને બારસા સુત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી પ્રભાબેન જયચંદ શામજી મોતા પરિવારે લીધેલ.

પર્વ દરમ્યાન સ્વપ્ન ધૃત ઉછામણી ૮૩૮૦૧ મણ થયેલ કુલ ધૃત ઉછામણી ૧૨૧૯૯૧ મણ થયેલ.

### દાવણગેરીમાં પર્યુષણ આરાધના

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન દાવણગેરીના નેજા હેઠળ અત્રે તા ૧૮.૦૯.૧૫ના સર્વે જ્ઞાતિજનોએ સવંત્સરી પ્રતિક્રમણ શ્રી મણીલાલ માણેકજી ગોસરના નિવાસસ્થાનો કરેલ. તા.૧૯.૦૯.૧૫ના સામુહિક ક્ષમાપના ભાવના તેમજ અલ્પાહાર મિત્ર મંડળ તરફથી પણ તેમના નિવાસ સ્થાને કરવામાં આવેલ.

### તીરૂપુરમાં પર્યુષણ આરાધના

તીરૂપુરમાં પર્યુષણ પર્વ બહુ શાંતિપૂર્વક ઉજવાયા છે. વ્યાખ્યાન વાંચવા માટે શ્રી આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ તરફથી સુશ્રાવક શ્રી રાજા જયંતીલાલ નંદુ અને શ્રી કલ્પેશ ભવાનજી સાવલા પધારેલ. ૧૦૮ અભિષેક, સોળસતીઓનો પ્રોગ્રામ પણ કરાવેલ. કલ્પસૂત્ર પધરાવવાનો ચડાવો ૨૧૦૦૦ મણમાં શ્રી ધનરાજજી નાણેશાએ તથા કલ્પસૂત્ર પધરાવવાનો ચડાવો ૧૨૦૦૧ મણમાં શ્રી વિપાશા વિક્રમ જૈને લીધેલ. બારસા સત્ર વહોરાવવાનો લાભ ૧૩૦૦૦ મણમાં શ્રી હંસરાજ વેરશી નાગડા પરિવારે લીધેલ. સ્વપ્ના ઝુલાવવા તથા પધરાવવાનો નકરો ઘરદીઠ ૫૦૦ રૂ માં૨૦૦ પરિવારે લીધેલ. પારણુ પધરાવવાનો લાભ ૬૬,૬૬૬ મણમાં શ્રી કાર્તિક સોલંકીએ લીધો. ભાવના ભણાવવા માટે ઈંદોરથી પધારેલ શ્રી ગોવર્ધન એન્ડ પાર્ટીએ રમઝટ જમાવેલ. તીરૂપુર સંઘની બહેનોએ રોજ આંગી અને રંગોળીથી દેરાસરને દીપાવેલ ૪૦ જણાએ ૧૬ કષાયતપ તથા ૩૫ જણાએ મેરૂતપ કરેલ.

### શ્રી ક.દ.ઓ.જૈન ગદગ

તા.૧૮.૦૬.૨૦૧૫ના ગદગ મહાજનશ્રીની નવી કારોબારી સમિતિની રચના થઈ જેમાં સુધીર જવેરચંદ સોની (પ્રમુખ), દીપક જયચંદ ખોના, (ઉપપ્રમુખ), વિપુલ કાંતીલાલ મોતા (કાર્યદર્શી), મોનેશ પ્રવિણચંદ લુઠિયા (સહકાર્યદર્શી) તરીકે નિમણુક થઈ. કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજની ઉજવણી ૦૧.૦૮.૨૦૧૫ના થઈ જેમાં શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળની સ્થાપના થઈ અને શિક્ષણ સહાયક યોજનાનો પ્રારંભ કરાયો. તા.૨૨.૦૮.૧૫ થી તા. ૨૪.૦૮.૧૫ દરમ્યાન


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સમસ્ત મહાજને તાજેતરમાં નારી-યુવા મંચોની રચના કરવાનો નિર્ણય લઈને જ્ઞાતિના સમાજ જીવનને ચેતનવંતુ બનાવવા જે તખ્તો રચ્યો છે, તેનો પુરો લાભ લઈને નવી ઊંચાઈ સર કરીએ.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**નવા/બદલાવેલા સરનામા-(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| જવેરચંદ કુંવરજી મૈશેરી | હા.નં.૧૬-૭-૨૧૫, ૨ જે માળે, સાઈફા મસ્જીદની સામે, અઝામપુરા, ચંદેગઢ -૫૦૦ ૦૨૪ હૈદરાબાદ |
| હેમલતા મુલચંદ ધરમશી | ૮૭/૩, અગાસ આશ્રમ, અગાસ, પી.ઓ.બોરીયા, આણંદ - ૩૮૮ ૧૩૦ |
| ડૉ.અભય ધરમશી | ૧૦૨, યોગીરાજ એવેન્યુ, ૨-નવચંદ્ર સ્કુલની નજીક, સામા મેન રોડ, સામા, વડોદરા - ૩૯૦ ૦૦૮ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૯.૧૫ | ડોંબિવલી | કુહુ-નમીતા/ખંતીલ વિરચંદ લોડાયા(ભુલ સુધાર) | મંજલ રેલડીયા | પુત્રી |
| ૧૪.૦૯.૧૫ | મુલુંડ | પહેલ-કૃપાલી/પ્રિયાંક મુકેશ દામજી મૈશેરી | લાલા | પુત્રી |
| ૧૯.૦૯.૦૧૫ | ડોંબિવલી | નાયરા-ધરતી/મિતેશ ધરમશી | સેવક ભરડીયા | પુત્રી |
| ૨૦.૦૯.૧૫ | મલકાપુર | યથાર્થ-ભાવિકા/હિતેશ દંડ(ભુલ સુધાર) | વરાડીયા | પુત્ર |
| ૨૧.૦૯.૧૫ | ભાંડુપ | ભવ્ય-શીતલ/રાજેશ દામજી દંડ | સાંધવ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૯.૧૫ | કલીકટ | દીક્ષીત દિપક વેલજી નાગડા | તેરા | ૨૮ |
| | કલીકટ | ધરતી રોહીત મિકજી લોડાયા | નલિયા | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૯.૧૫ | મુલુંડ | યોગેશ ચંદ્રકાંત વેરશી લોડાયા | મોટી ખાવડી | ૩૬ |
| | મુલુંડ | રાજશ્રી વિનોદ શામજી દંડ | સેવક ભરૂડીયા | ૩૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૯.૧૫ | ધુલિયા | જયાબેન લક્ષ્મીકાંત મોમાયા | સાંયરા | ૭૨ |
| ૦૫.૧૦.૧૫ | અકોલા | શાંતિલાલ દામજી દંડ | લુણી | ૮૧ |
| ૦૬.૧૦.૧૫ | ડોંબિવલી | હંસરાજ હીરજી ધરમશી | જશાપર | ૮૦ |

શ્રી ત્રિયાહ્નિકહ્મહોત્સવ યોજાયો જેમાં પ્રથમ દિવસે ૧૮ અભિષેકમાં ૧૮ પરિવારે લાભ લીધો. ૨૩.૦૮.૧૫ના શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજનનો લાભ ૧૦ પરિવારે લીધો. ૨૪.૦૮.૧૫ના ૧૦૧મી ધ્વજા ચઢાવવાનો લાભ ૧૧,૧૧૧ મણમાં માતુશ્રી જેઠીબાઈ ખીમજી વીરા (કચ્છ-દેવપુર) પરિવારે લિધેલ. સત્તરભેદી પૂજા ભણાવાઈ વિધિકાર તરીકે કેશવજીભાઈ ગડા તથા સંગીતકાર જગદીશ શાહ મુંબઈથી પધારેલ. સમાપન સમારોહમાં દેરાસર શતાબ્દી મહોત્સવની સ્મરણિકાનું વિમોચન કરવામાં આવેલ તથા મહાજનશ્રી તરફથી સ્વામી વાત્સલ્ય થયેલ. કાર્યદર્શી વિપુલ મોતા અને સહતંત્રી મૌનેશ લુઠિયાએ આભારવિધિ કરેલ.

### હુબલીમાં નવરાત્રિની ઉજવણી

હુબલીના ભગવતી મહાકાલી મંડળ દ્વારા દાતાઓના સહકારથી આસો નવરાત્રિ ઉજવણી નિમિતે મેફેર ઓડિટોરિયમ ખાતે તા.૧૩.૧૦.૧૫થી તા ૨૧.૧૦.૧૫ સુધી રોજ રાતે ૮ વાગ્યે ભાવના તથા તે પછી રાસ કરવાનો કાર્યક્રમ અને ઈનામની હરીફાઈઓ રાખવામાં આવી છે.

### જલગામમાં પર્યુષણ આરાધના

જલગામમાં જલગામ ક.દ.ઓ.જૈન કલચરલ એન્ડ સોશ્યલ વેલફેરલીગના નેજા હેઠળ પુ.શ્રી કુલવર્ધન વિજયશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ આરાધના થઈ હતી.

### ભૂલ સુધાર

અંક નં ૩૯માં, પાના ક્રમાંક ૧૭ પર પ્રગટ થયેલ. શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુનાની જાહેરાતમાં પર્યુષણ પર્વ નિમિત્તે યોજાયેલ સ્વામીવાત્સલ્યના સંઘ સહાયક દાતાઓ દ્વારા રૂ.૭૫૦૦/-નું અનુદાન મળેલ છે તેમ વાંચવું. પ્રુફ ભૂલથી રૂ.૭૫૦૦૦/- છપાયું છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

|| શ્રી સખત માતાય નમઃ ||     || શ્રી સુરાપુરા દાદાય નમઃ ||     || શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ||

# રંગપુરના શ્રી સખત માતાને નમતા ધરમશી પરિવાર







**માતુશ્રી**
**જયાબેન કુંવરજી ધરમશી**

**પિતાજી**
**કુંવરજી ડાયાભાઈ ધરમશી**

**કુ. ત્રિશા જીગર ધરમશી**

જેમના સ્મરણ માત્રથી અંતર મા શ્રધ્ધા અને ચેતનાનો સરવાળો થાય,
દુઃખો અને નિરાશાની બાદબાકી થાય,
પરસ્પર મિલન અને હૈયામાં હેતનો ગુણાકાર થાય એવા
આપણા રંગપુર મુકામે બિરાજમાન **કુળદેવી શ્રી સખત માતાજીની પહેડીનું આયોજન**
**કુ. ત્રિશા મિત્તલ જાગર ધરમશી** ના જન્મદિવસ
કારતક સુદ અગિયારસ **તા. ૨૨/૧૧/૨૦૧૫** ના
**સવારે ૮.૦૦ થી ૪.૦૦ કલાકે** ડોંબિવલી મુકામે કરવામાં આવેલ છે.

આ પહેડી નો મહામુલો લાભ **અ.સૌ. વિજયાબેન ગિરીશ કુંવરજી ધરમશી પરિવારે** લીધેલ છે. આ શુભ અવસર માતજીના ભાવિકો - નિયાણી બહેનો અને કુટુંબી જનોને માતાજીની ભક્તિ અને રાસ ગરબાની રમઝટ સાથે પ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ હાર્દિક આમંત્રણ છે.

-: નિમંત્રક :-

**માતુશ્રી જયાબેન કુંવરજી ડાહ્યાભાઈ ધરમશી સમસ્ત પરિવાર**

**માંગલ્ય ધામ :**

શુભ મંગલ કાર્યાલય, બાટા શો રૂમની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે,
ડોંબિવલી (ઈસ્ટ), થાણા - ૪૨૧ ૨૦૨.

**"આપની હાજરી એ જ અમારી બક્ષિસ"**

ભેટ - સોગાદ અને સન્માન ને અક્ષમ્ય ગણશોજી.

*Gift will not be accepted*

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## ધન્ય તમારી તપશ્ચર્યા સ્વીકારો અમારી અનુમોદના...



**શ્રી રાજેશ કાંતીલાલ ધરમશી**
૮ ઉપવાસ
(સેવક ભરૂડીયા - દાદર)



**ચિ. પ્રિશા રાજેશ ધરમશી**
૯ ઉપવાસ
(સેવક ભરૂડીયા - દાદર)



**અ.સૌ. રીટા ચેતન નાગડા**
૮ ઉપવાસ
(રંગપુર - ઘાટકોપર)



**શ્રી રાજેશ શાંતીલાલ શિયાલ**
૮ ઉપવાસ
(દલતુંગી - ડોંબિવલી)



**ચિ. સ્મિત પરેશ શિયાલ**
૮ ઉપવાસ
(દલતુંગી - ડોંબિવલી)



**અ.સૌ. હિના હિરેન શિયાલ**
૮ ઉપવાસ
(દલતુંગી - જામનગર)



**ચિ. રોહન હિરેન શિયાલ**
૮ ઉપવાસ
(દલતુંગી - સોનગઢ)

**શાસનદેવની અસીમ કૃપાથી અને ગુરૂભગવંતોના આર્શીવાદથી અઢાઈ તપની આરાધના કરેલ છે.**

લિ. **માતુશ્રી વેજબાઈ કલ્યાણજી નરશી ધરમશી પરિવાર** (સેવક ભરૂડીયા)
**માતુશ્રી મુરબાઈ છગનલાલ ખીમજી શિયાલ પરિવાર** (દલતુંગી)

## તેરા ગામે થયેલ પર્યુષણ પર્વની પરંપરાગત ઉજવણીની ઝલક









## સાંધવ મહાજનના નેજા હેઠળ મુંબઈમાં યોજાયેલ સ્નેહમિલનમાં ગામવાસીઓ મોટી સંખ્યામાં ઉમટ્યાં






if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,